ॐ તત્સત પરમાત્મને નમઃ

શ્રી દેશી નાટક સમાજ

દેશ દીપક.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

રચનાર

જી. એ. કવિ, વૈરાટી.

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

ગોવિંદદાસ જેઠાભાઈ શાહ.

માલીક—શ્રી દેશી નાટક સમાજ

—માસ્તર થીએટર—અમદાવાદ.

પ્રત ૨૦૦૦ [સને ૧૯૨૮

કીંમત ચાર આના.

દેશ-દીપક.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

રચનાર.

કવિ જી. એ. વૈરાટી.

સ્વગસ્થ સાક્ષર ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

"શ્રી દેશી નાટક સમાજ" માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

હરગોવીંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક:—શ્રી દેશી નાટક સમાજ.

માસ્તર થીએટર, ઘીકાંટારોડ—અમદાવાદ.

ત ૧૯૮૪.] [સને ૧૯૨૮.

આવૃત્તિ ૪ થી. પ્રત ૨૦૦૦

કીંમત રૂા. ૦-૪-૦

પ્રી. ૧।

"દેશ દીપક."

પ્રયોગનું વસ્તુ વિવેચન અને નમ્ર નિવેદન.

વિક્રમ સંવત ૧૪૩૯માં પ્રાતઃ સ્મરણીય સ્વદેશાનુરાગી સમ્રાટ લાક્ષારાણા મેવાડના સિંહાસને બીરાજ્યા. તેમને ભાગ્યશાળી ચંદ્રદેવ નામનો એક વીર પુંગવ પુત્ર પ્રગટ્યો અને ભારત પ્રસિદ્ધ ભગવાન રામ તથા ગંગાકુમાર ભીષ્મદેવની ફક્ત પિતાના વાક્ય પાલન માટે ભવ્ય સામ્રાજ્યના સ્વાર્થને સામાન્ય વસ્તુની માફક વિસારી દઇ પિતૃભક્તિનું અને માતૃભક્તિનું જવલંત ઉદાહરણ આપતો આ લોક ને પરલોકનું કલ્યાણ સાધી અમર કીર્તિ કરી ગયો. તે દેશ દીપક મહાવીર ચંદ્રદેવની મહાનુભાવી ગાથા એજ આજના પ્રયોગનું વસ્તુ છે.

લાખારાણાએ સિંહાસનરૂઢ થયા પછી પ્રખર પરાક્રમ વડે મેવાડથી વિદ્રોહી બનેલા મેરવાડા, વિરાટગઢ, વિદનોર જાવરા વગેરે રાજ્યો જીતી લીધાં અને ખીલજી સુલ્તાન અલાઉદ્દીનના આક્રમણથી નષ્ટ થયેલી મેવાડને પુનર્જન્મ આપી વિપુલ સંપત્તિ ખરચી વીરભૂમિ મેવાડ અમરાપુરી સમી સુંદર ને મનોહર બનાવી એટલુંજ નહી પણ "વિદનોર" નામક સ્થાન પાસે દીલ્હીના લોદીવંશના બાદશાહને સજ્જડ હાર ખવરાવી વંશની કીર્તિધ્વજા સમગ્ર ભારત વર્ષમાં પ્રસરાવી. આ મહાપ્રતાપી લાખારાણાનો પાટવી પુત્ર ચંદ્રદેવ તેજ આજના પ્રયોગનો મહાનાયક.

દેશ દીપક ચંદ્રદેવના વંશજો ચંદાવત અટકથી ઓળખાય છે.

મતું મુખ્ય નિવાસ સ્થાન સાલુંમ્બ્રા છે. મેવાડ સામ્રાજ્યમાં લુમ્બ્રા સરદારોનું સ્થાન સર્વશ્રેષ્ટ મનાય છે. દેશદીપક ચંદ્રદેવના જે ચંદાવત (સાલુંમ્બ્રા) વીરોએ મેવાડ રાષ્ટ્રના કલ્યાણ કાર્ય ટે અવિરલ આત્મભોગ આપી સંસાર પટપર સિસોદિયા રજપુતોની જ્વલંત કીર્તિ આજ પર્યંત ટકાવી રાખી છે. આજ પણ દેશદીપક ચંદ્રનો વીરવંશજ સલુંબરની સ્વતંત્ર ગાદીને શોભાવી રહ્યો છે.

લાખારાણાના અનેક સંતાનો પૈકી રામ અને લક્ષ્મણ સરખા યશસ્વી બે પુત્રો આ પ્રયોગના અધિષ્ઠાતા છે. કર્નલ ટોડકૃત રાજસ્થાનના ગુજરાતી ગ્રંથ પહેલાના પૃષ્ટ ૬૬ થી ૮૦ સુધીમાં આ પ્રયોગને લગતી તમામ ઐતિહાસિક ઘટના વિસ્તારપૂર્વક વર્ણવેલી છે. ગુજરાતી જાણનારો હરકોઇ ગુજરાતી બંધુ આ ઇતિહાસથી ભાગ્યેજ અજ્ઞાત હશે જેથી ઐતિહાસિક પરિચય આથી વિશેષ આપવાની અગત્ય નથી.

અનાદિકાળથી સ્ત્રીજાતિ રાજપુતોના હૃદયમાં આરાધ્ય દેવીની પેઠે પૂજાય છે. જો એ આરાધ્ય દેવીનું જાણે અજાણે યા મશ્કરીમાં પણ અપમાન થાય અગર એ દેવીના સન્માન કે શિષ્ટાચારમાં લેશ પણ ખામી આવી જાય તો તેજસ્વી રાજપુતોની સમશેરો રૂધિરની સરિતાઓ વહાવ્યા વિના કદીપણ શાન્ત ન થાય. એવીજ એક વિચિત્ર ઘટનાપર આ પ્રયોગનો જન્મ છે.

મારવાડમાં આવેલા મંદોરના રાઠોડ રાજા રણમલને અતિ રૂપવતી કૃષ્ણા નામની એક પરમ સુંદર કુમારી હતી. સમગ્ર રાજસ્થાનમાં એ રૂપસુંદરીનો સ્વામી થવાને એક પણ યોગ્યવ્યક્તિ રણમલને સંપાદન ન થવાથી યુવરાજ ચંદની તેજસ્વીતા તરફ તેનું

ધ્યાન ખેંચાયું અને કોઈપણ ભોગે કોઇપણ જહેમતે ચંદ્રદેવ સાથેજ તેણીનું વેવીશાળ નક્કી કરવાના હેતુથી રાજપુરોહિત સાથે લાખારાણા સમક્ષ લગ્નનું શ્રીફળ રણમલે મોકલાવ્યું, એક વિલક્ષણ પ્રભાતે મંદિરનો પુરોહીત લગ્નના શ્રીફળ સાથે લાખારાણાની હજુરમાં રજુ થયો યુવરાજ ચંદ્રને યોગ્ય ચંદ્રિકા સમાન કન્યા મળવાથી અને આ લગ્નથી મેવાડ જેવાં બે સમાન બળશાળી રાજ્યોનો સ્નેહસંબંધ તથા મૈત્રીભાવ અખંડ જળવાય એ પવિત્ર ભાવનાથી લાખારાજ યુવરાજ ચંદ્રદેવની સંમતિની શરતે આ લગ્ન મંજુર કરેછે પરંતુ શંકાશીલ સ્વભાવના અધીરા પુરોહીતની ઉતા વળ અને લાખારાણાએ તેને શાંત કરતાં ઉચ્ચારેલા સહજ હાંસીના શબ્દોથી આ પ્રસંગ અત્યંત વિકટ સ્વરૂપ છે જેના પરી- ણામે ચંદ્ર જેવા ભકિતમાન યુવક સામે સ્ત્ર જાત પ્રત્યેના સન્માન અને શિષ્ટાચારનો એક ગંભીર સવાલ ઉત્પન્ન થાય છે. આ પવિત્ર દેશમાં સ્ત્રીજાતિને આજ પર્યન્ત એક દેવી તરીકે માનવામાં આવી છે અને તેના સન્માન તથા રક્ષાને માટે ભારતવર્ષે હજારો વાર લોહીની નદીઓ રેલાવી છે એક આર્યનારીને મશ્કરીમાં પણ એક પુરૂષ સ્વીકારે અને પછી તે બીજાને દ્વારે જવા પામે તે બનાવ ભારત વર્ષને માટે હજી પણ કલંકરૂપ છે. સ્ત્રીજાતિ પ્રત્યેના સન્માન અને ષ્ટાચારને માટે ગૌરવ ધરાવતા આ દેશમાં એક આર્યસન્નારીનું ભત્સ અપમાન એ શબ્દજ ધરૂણાકારકને નામો શીરૂપ છે. અને વની આર્ય સંસ્કૃતિને સાચો આર્ય હોય તેજ પિછાણી શકે આની રચનારી મીસ મેયો જેવા માયાળી માનુષી આ સમજે.

ધર્મથી ચાલતાં સળગી ગયેલો સંસાર ફરીથી સરજાવી શકાય પરંતુ ધર્મ ચુક્યા તો અમરાપુરીસમી અમર ભૂમિ પણ આપોઆપ સળગી જાય. એ વાત ચંદ્ર દેવ જેવા ક્ષત્રી પુત્રને તો ગર્ભમાંથીજ પ્રાપ્ત થયેલી હોય છે. ધર્મનિષ્ઠ યુવરાજ ચંદ્ર પિતા લાખા રાજાના પુષ્કળ પ્રલોભન અને સમજાવટ છતાં પિતાના મશ્કરીમાં બોલાયલા શબ્દોને પણ સિદ્ધ કરવા માટે કટિબંદ્ધ થાય છે. અને મંદોર કુમારી કૃષ્ણાના ચિત્રપટને "માતા માતા" એ શબ્દોથી માનસિક નમન કરી સિંહાસનના ભોગે પણ પિતા લાખારાજ સાથેજ તેનાં લગ્ન કરવા ભિ,મપ્રતિજ્ઞાથી બંધાય છે. ત્યાંથી આજના પ્રયોગના પ્રાથમીક દર્શનની શરૂઆત થાય છે.

मातृ देवो भव । पितृ देवो भव । એ મહાન સૂત્રને માનનારી આ દેવતાઇ ભૂમિમાં છેલ્લા અસહકારના યુગે દેશના યુવક વર્ગમાંથી જ્યારે માતાપિતાદિક વડીલો પ્રત્યેના પૂજ્યભાવ પ્રતિ કંઇક શિથિલતાનો સમય દેખાયો તેજ સમયપર રામ અને ભીષ્મના ભાવ આદર્શવાળા આ પ્રયોગનો જન્મ થયો હતો. પરંતુ—"પુરૂં ન પડે નાથજી તમારી કૃપા વિના, સાત સાંધુ ત્યારે તેર તુટે"—એ ભક્ત નરસિંહ વાક્યાનુસાર, લાંબા સમયનું સ્વપ્ન ભોગવી મહુંમ સાક્ષર રત્ન શ્રી ડાહ્યાભાઇ ધોળશાજીની પવિત્ર રંગભુમિ માટે ઋણાનુબંધન યોગે નિર્માણ થયેલો આ નાટક સંવત ૧૯૮૨ ના આશ્વિન માસમાં આજ રંગભુમિપર સ્થાપિત થયેલો પરંતુ માલીકની મંગલ મહત્વાકાંક્ષા વા વિધાત્રીની વિચિત્ર ઇચ્છાથી આ પ્રયોગને માટે આજપર્યંત નિવાસ નિર્માણ થયો હતો, પરિણામ એ આવ્યું કે પ્રયોગના

સારામાં સારાં બે સીનોના તત્વો અન્યત્ર ભજવાઇ ગયાં. જેથી તા. ૨૫–૧૨–૨૫ ને રોજ પુર્ણ થયેલો પ્રયોગ મારે તા. ૨૭–૧૦ ૨૭ થી પુનઃ ઉથલાવવો પડયો અને કેટલી તિવ્ર કાળજીથી જાળવી રાખેલા પ્રયોગના ઐતિહાસિક સ્વરૂપમાં પણ સ્હેજસાજ પરિવર્તન કરવું પડયું છતાં પણ બની શકતા શકય પ્રયાસે ઇતિહાસ સચવાય પાત્રે નેં સમાન્યાય મળી જાય અને કયાંઇપણ અન્યત્રની છાયા સરખી પણ ન ઘુસી જાય, એ બધી બાજુ મેં બનતાં સુધી જાળવી રાખા છે.

આ પ્રયોગની કવિતાઓ કવિશ્રી રઘુનાથની રચેલી છે. તે સાથે મારા

દારચિત પ્રેક્ષક બંધુઓને ચરણે એક વાતરજુ કરવાની રજા લઉં છું કે આ પ્રયોગ પણ વલ્લભીપતિના માફકજ સ્ટેજ કરવામાં આવ્યોછે.

દેશ–દીપક ચંદ્રદેવની ॥ मातृ देवो भव पितृ देवो भव ॥ એ એકજ ધર્મનિષ્ઠાને અંગે લેવાયલી પ્રતિજ્ઞાના પાલન ઉપરાંત આ પ્રયોગ હિંદુ સમાજની બે મહત્વની બાજુઓ રજુ કરે છે.

એક આર્ય રમણી જુલેચુકે પણ પોતાના સાસરામાં પિયરિયાંનો કાયમીપગ પેસારો થવા દઇ તેમની અધમ લાલસાઓ પર જાણે અજાણે પણ આંખ મિંચામણાં કરતાં પોતે કેવી કફોડી હાલતમાં ઉતરી પડે છે એ વાત કૃષ્ણાદેવીની કરૂણ કથા સ્પષ્ટ બતાવી દે છે અને હિંદુ સમાજનાં હજારો ઘરોમાં આજ કાલ હજારો કૃષ્ણાઓ પિયરિયાંના પ્રખર જુલ્મોપર આકાશને પણ કંપાવે તેવા આર્તનાદોથી રડી રહી છે.

બીજો સવાલ આજકાલ આખા દેશમાં હાહાકાર મચાવી રહેલા વૃદ્ધ લગ્નનો છે. આજથી પાંચસો વર્ષ પરના લાખારાજના સમયમાં કદાચ એ વસ્તુ આટલે દરજ્જે દેશ વ્યાપી નહિં બની હોય એમ કહી માની લઇએ તો પણ અત્યારે તો વૃદ્ધ લગ્નની વિષમ જ્વાળાઓથી હિંદુ સમાજ સળગી રહ્યો છે. આખા એશિયા ખંડમાં કેસરી સમાન શુરોને કીર્તિમાન ગણાતો લાખારાજ પણ વૃદ્ધ લગ્નની વેદનામાં એવો પીસાઇ જાય છે કે તેની વૃદ્ધલગ્ન પછીની પાછલી ક્લેષિત હાલત જોનારાઓ એમજ પોકારી ઉઠે છે કે–" નષ્ટપ્રાય થયેલી મેવાડને નવજીવન આપનારો મહા શુરો પરાક્રમી સુભટ શીરોમણી લાખારાજ આજ હતો કે બીજો કોઇ ?

એક સમર્થ સિંહાસનના સ્વામીને પણ વૃદ્ધ લગ્ને આ સ્થિતિમાં નાખી દીધો તો સામાન્ય માનવીની કેવી કરૂણ હાલત બને ! લાખારાજ ચંદ્રને પ્રતિજ્ઞાથી પાછો વાળવા જતાં સમજાવે છે કે બેટા ! હું રાજા છું હું પોતેજ ઉઠીને આવું વૃદ્ધ લગ્નનું અધમ પગલું ભરૂં તો પછી પ્રજાની શી હાલત થશે.

એક વખત એ ચેપી રોગ આ વીર્યવંત દેશમાં પેસી જશે તો પછી શું થશે ! તે તું જાણે છે ! તેના જવાબમાં કપિલા કહે છે કે–

પછી હિંદુ સમાજે સેંકડો વૃદ્ધો પરણવાના
હજારો નારીઓના જીગરથી નિશ્વાસ ખરવાના
અને નારી તણા નિશ્વાસથી તો નાશ થાવાનો
વીરોનો દેશ આ વિખ્યાતતે નામર્દ થાવાનો

વૃદ્ધ વીવાહ આ દેશમાં પ્રસરતાં દેશનાં બાલ સા. બેહાલ બનશે
વર્ણ સંકર પ્રજા પ્રકટશે દેશમાં વીરતા વહી જશે ભીરૂતા રહી જશે
તે પછી વૃંદ વિધવા તણાં જામશે સેંકડો ગર્ભ ને બાલ હત્યા થશે
બાલ વિધવા તણા શાપ સંતાપથી નષ્ટ ભૂમી થશે કષ્ટ બહુ પ્રગટશે
અને કપિલાના એ શબ્દો આજે સાચા ઠર્યા છે.

હિંદુ સમાજમાં વૃદ્ધોનાં લગ્નથી વિનાશના મૃત્યુ ઘંટ લાગી રહ્યા છે પરિણામ શું આવશે તે તો પરમાત્મા જાણે ભગવાન ભારતના વૃદ્ધોને વૃદ્ધ લગ્નના વિનાશકારી તત્વથી પાછા ફરવાને સન્મતિ આપે અને આર્યવર્તની આર્ય સન્નારીઓના સન્માન તથા શિષ્ટાચાર માટે જીવનના બલિદાન દેનારા દેશ દીપક ચંદ્રદેવ જેવા પરાક્રમીને પવિત્ર સંતાનો પરમાત્મા ભારતના પ્રત્યેક પિતાને આપે. એજ મારી મંગલ કામના પરબ્રહ્મ પરમાત્મન પ્રાણીમાત્રનું કલ્યાણ કરો.

ભાંગવાડી,
પ્રિન્સેસ થીએટર
સંવત ૧૯૮૪ ના પોષ
સુદી ૧ રવીવાર.

કવિ ગૌરીશંકર આશારામ વૈરાટી
શ્રી દેશી નાટક સમાજ
મુંબાઈ.



પુરૂષ પાત્રો

લાખારાણા—મેવાડના ઇતિહાસ પ્રસિદ્ધ મહા પ્રતાપી મહારાણા

ચંદ્રદેવ (ચંદ)—લાખારાણાનો પાટવી કુમાર સાલુમ્બાણીરોનો આદિ પુરૂષ ચીતોડનો પહેલોજ ચંદાવત સરદાર.

રઘુદેવ—લાખારાજનો દ્વિતીય કુમાર,

મુકુલદેવ—લાખારાજનો ન્હાનો કુમાર મેવાડનો બાળારાજા.

પુરણમલ્લ—મેવાડનો પરાક્રમી પટાવત.

રણમલ—મંદોરનો રાઠોડ રાજવી.

સુરજમલ—રાજા રણમલનો સલાહકાર સરદાર

તીરૂમલ—માંડુરાજ્ય સામે રીસાયલો ચારિત્યવાન બહારવટિયો.

કિશોર—અટંકી પિતા પૂરણમલ્લનો છેલ્લો વીર બાળક

આકલમલ—અક્કલહીણ જાગીરદારનો નાદર નમુનો

ચંદનમલ—અક્કલમલનો કામદાર.

મોતીયોમાળી—રાણી કસ્તુંરીનો ખાસ કામદાર.

સ્ત્રી પાત્રો

કૃષ્ણાકુમારી—મંદોરની રાજકુમારી મેવાડની રાજેશ્વરી

કપિલા—મેવાડની રાજધાત્રી,

કાલિન્દી—માન્ડુ રાજ્યની જવામર્દ મહારાણી.

કિશોરી—પૂરણમલની આદર્શ કન્યા કુમાર રઘુદેવની હૃદયેશ્વરી,

કસ્તુરી—હાનાં રજવાડામાં રખડનારી છકેલી નારી,

કેસર—રાજા અક્કલમલની નિર્દોષ કુમારી,

શ્રી. ૧૧

"દેશ–દીપક" નાટકનો સંક્ષિપ્ત સાર.

અંક ૧ લો.

સુત્રધારની નાન્દી પ્રાર્થના અને બાળાઓ દ્વારા વસ્તુ વિવરણ.

પ્રવેશ ૧ લો–મેવાડનો મહાન (ગજ) રાજ દરબાર– વીરતાની વિરાટ પ્રતિભાથી દીપી રહેલા મેવાડના ભવ્ય દરબારમાં યુવરાજ ચંદને માટે મંદોરની રાજ કન્યા કૃષ્ણાકુમારીના વિવાહનું શ્રીફળ લઈ મંદોરનો રાજપુરોહિત પ્રવેશે છે.

લાખારાજથી તેને શાન્ત કરતાં સહજ હાંસીના શબ્દો બોલાઇ જવાય છે. સમગ્ર રાજસભામાં તે હાસ્ય ધ્વનિ પ્રસરી જાય છે તેટલામાં તે હાંસીમાં વસી રહેલા ભાવી ભયનું ભાન કરાવતી રાજધાત્રી કપિલા દાખલ થાય છે. લાખારાજથી પોતાની ભુલ સમજાય છે. દરમ્યાન યુવરાજ ચંદ આવી પહોંચે છે. અને સાફ શબ્દોમાં કહી દે છે કે પિતાએ મશ્કરીમાં પણ જેને પોતાની ગણી તે સન્નારી આજથી મારી પૂજાને યોગ્ય ઠરી.–પુત્રની પ્રતિજ્ઞા સામે લાખારાજ લાચાર બને છે. અને ચંદની પ્રતિજ્ઞાથી પરવશ બનેલા પુરોહિત લગ્નનું શ્રીફળ રાણાજીના હસ્તમાં સમર્પણ કરે છે.

પ્રવેશ ૨ જો–મંદોરનું રાજ ઉપવન– મંદોરની રાજકુમારી કૃષ્ણાદેવીને કોઇ વૃદ્ધ સ્વામી સાથે પરણવાનું સ્વપ્નું આવવાથી નિર્દોષ બાળા ભાવી ભયથી ડરી રહી છે તેની સહચરી તેને સમજાવી શાન્ત કરી રહી છે તેટલામાંજ તેણીને સ્વપ્નની વાત સત્ય થયાના સમાચાર મળતાં આક્રંદ કરે છે. રાજા રણમલ તેને આશ્વા-

સન દે છે. દરમ્યાન સરદાર સુરજમલ આવી પહોંચી આ લગ્નને રાજ્ય લોભના રૂપમાં પલટાવી નાંખે છે. રાજા રણુમલ્લની રાજ્ય-લોભી રાક્ષસવૃતિ જાગ્રત થાય છે. જેના પરિણામે ઉંધુ મારી આવેલા પુરોહિતને જાગીર મળી જાય છે. અને રાજા રણુમલ કન્યાને લઇ સંપુર્ણ લસ્કરી બળ ને દમામ સાથે મેવાડને માર્ગે રવાના થાય છે.

પ્રવેશ ૩ જો.—અક્કલગઢનું અક્કલમાંદર—રાજા રણુમલ તરફથી મળેલી અક્કલગઢની જાગીર સંભાળવા રાજપુરોહિત હાજર થાય છે. જીંદગીભર ભિક્ષાન્દેહી કરનાર પુરોહિતનું ભેજું અકસ્માત રાજ પ્રાપ્તિથી ચસ્કી જાય છે. અને "પુરી એક અંધેરી ને ગંડુ રાજા" ના રાજ્યનું મંગળાચરણ થાય છે.

પ્રવેશ ૪ થો—મેવાડનો મયુરબાગ—સંજોગના ભોગ બનેલા લાખારાણા ચીરાતે હૈયે લગ્ન મંડપમાં હાજર થાય છે. રાજધાત્રી કપિલા તેમને આનંદમાં રહેવા વિનવે છે તેનો જવાબ લાખારાજ એ આપે છે કે—"કપિલા ! બાસઠ વરસના આ બુઢાના લગનમાં આનંદ ક્યાંથી હોય જેનાં પરણુવા લાયક જુવાન બાળકો કુંવારા ફરે છે તે બુઢા બાપને લગનના બાજઠપર બેસતાં આનંદ શાનો હોય ? બરાબર આજ સમયપર રાજા રણુમલ્લ આવી પહોંચે છે અને બરાબર રંગ જામેલો જોઇ દાવ ફેંકે છે કે—આ વૃદ્ધ લગ્ન કયારે કરી શકાય કે મારી કૃષ્ણાને થનાર સંતાનજ મેવાડનો રાજા થાય એવો મને કણુલાત અપાય !" પિતાના આત્માની શાન્તિ અને પોતાની પ્રતિજ્ઞાના પાલન માટે કર્મવીર ચંદ યુવરાજ પદપરથી પોતાનો હક્ક ઉઠાવે છે. અને પિતાના ચરણુપર હસ્ત મુકી સાફ શબ્દોમાં કહી દે છે કે—

જીવનમાં ધર્મની ધુન જાગી અને કર્મ નિષ્કામની લગન લાગી,
આજ આ અંગના રોમ રોમે પિતા આપની ભક્તિની હાક વાગી.
આપ આજ્ઞા કરો શીઘ્ર હું સંચરૂ અનળની જ્વાળશાં વસ્ત્ર ભગવાં ધરૂ,
સ્વાર્થ સામ્રાજ્યમાં લેશ પણ છે નહી તો પછી રાજ કે તાજને શું કરૂં.

ચંદના એ ઉદાર ઉદગાર અને પ્રચંડ પિતૃભકિત સામે રાણાજી હારી જાયછે રણમલને પણ પોતાની ધારણા સફળ થવાથી આનંદ થાયછે અને કૃષ્ણાકુમારી તથા લાખારાણાના હસ્ત મેળાપ થાય છે.

પ્રવેશ ૫ મો—સરદાર પુરણમલનો પ્રાસાદ—કિશોરી અને તેની સહચરી વચ્ચે વૃદ્ધ પતિનો પ્રેમ વધારે સારો કે જુવાન સ્વામીનો પ્રેમ સારો ? તે સંબંધી વાદવિવાદ તથા રઘુદેવ અને કિશોરી વચ્ચે પ્રણયાનુરાગ બાદ સરદાર સુરજમલ આવેછે અને રાજમાતાના ખોટા બ્હાના હેઠળ નીચે પુરણમલને પોતાના પક્ષમાં લેવા લલચાવે છે. પુરણમલ તેને તિરસ્કાર પુર્વક પાછો વળાવે છે.

પ્રવેશ ૬ ઠો—અકકલમલનો મહેલ—વૃદ્ધ પિતા અને નવયુવાન નક્કટ માતાનો ખુલો શંગાર જોતી યૌવનને કિનારે ડગ ભરતી કુમારી કેસર કામદારથી ઝુરે છે અને આખરે કામદારનેજ પોતાનો ભાવી ભરથાર બનાવવાની પેરવી કરે છે. ખાલી ખજાનાથી અકળાયેલો ઉલ્લુ રાજા રૈયતપર ચાંલ્લાવેરો નાંખે છે અને કસ્તુરી તેના ખજાનાપર કાતર ચલાવવા માટે મોતીયા માળીને લુંચ્ચાઇથી રાણી કામદારની નોકરીમાં રાખે છે.

પ્રવેશ ૭ મો—મેવાડના કિલ્લાની અંદરનું ખાનગી સભા ભુવન.

કૃષ્ણાકુમારીનાં લગ્ન પછી મેવાડના રાજ્યમાં બે પક્ષ પડી ગયા છે મેવાડ પક્ષવાળાઓ હરકોઇ રીતે યુવરાજ ચંદનેજ ગાદીએ બેઠેલો

જોવા માગે છે, જ્યારે મંદોરપક્ષવાળા મુકુલના રાજ્યાભિષેકને માટે રાણાજીપર દબાણ કરવાનું ગોઠવી રહ્યા છે.

એવામાં ગયાજીના તિર્થસ્થાનને વિધર્મી શત્રુઓના હલ્લાથી બચાવી નિર્ભય કરવા માટે એકત્ર થયેલા આર્યાવર્તના નરેન્દ્ર મંડળનો દુત લાખારાણાને ધર્મ યુદ્ધમાં આમંત્રણ આપવા આવે છે સંન્યાસ લેવાનો ઇરાદો અફળ ગયો તો અનાયાસે આવી મળેલા ધર્મના સંગ્રામપર પુણ્યક્ષેત્રમાં પ્રાણ આપી વૃદ્ધ લગ્નના પાપનું પ્રાયશ્ચિત કરવાની તિવ્ર ઇચ્છાથી રાણાજી ગયાજીના યુદ્ધમાં જવાની તૈયારી કરે છે, તેજ પળે—"રાણાજી! ગયાજીના યુદ્ધમાં જતા પહેલાં અંદરના યુદ્ધનો નિર્ણય કરતા જાઓ. મારા મુકુલને ચંદના વચન મુજબ રાજ્યાભિષેક કરીને પછી જાઓ" એ માગણી કરતો મક્કમ પગલે રણમલ રજુ થાય છે. મેવાડપક્ષ અને મંદોરપક્ષ વચ્ચે રાજગાદીના સવાલની ભીષણ સમસ્યા ઉત્પન્ન થાય છે ત્યાંજ-ત્યાંજ ચંદ પોતાની પ્રતિજ્ઞાની યાદી આપે છે — ચંદની માગણીથી બ્રહ્માંડના સામ્રાજ્યને પણ બંધુપ્રેમ સામે તુચ્છ ગણનારો રઘુદેવ પોતાનો હક્ક પણ રાજગાદીપરથી ઉઠાવી લે છે— ગંગાકુમાર ભીષ્મ સરખો ભડવીર ચંદ રાણાજી કપિલા અને મેવાડ પક્ષના આક્રંદને ન ગણકારતાં પ્રતિજ્ઞાપરજ મક્કમ રહે છે અને પોતાના નાના ભાઇ મુકુલદેવને છાતીપર બેસાડી રાજ્યસભા સમક્ષ લઇ આવે છે. સ્વહસ્તે તેના મસ્તકપર છત્ર અને તાજ ધરાવી મહારાણા મુકુલનો જય ગજાવે છે.

સીન ટ્રાન્સફર.

સ્થળ—ગયાજીનું તિર્થસ્થાન—સાંસારિક જંજાળથી મુક્તિનો છેલ્લો શ્વાસ લઇ છુટેલા રાણાજી ચંદને આંતરિક આશીષ દેતા

રણુદેવને સાથે લઇ ગયાજીના ધર્મ યુદ્ધમાં સીધાવે છે. અજાણે પણ ચંદ જેવા પવિત્ર પુત્રને અપાયલા અન્યાયના મહા પાપનું પ્રાયશ્ચિત કરવાજ ગયાજીમાં ગયા હોય તેમ ગયા ક્ષેત્રને શત્રુના ત્રાસમાંથી સદાને માટે મુક્ત કરી સ્વર્ગ ધામે સંચરે છે ॥ સ્વધર્મે નિધન શ્રેય. એ ગીતા વાક્ય સિદ્ધ કરનાર રાણાજીના પુણ્યશાળી પ્રાણના સન્માનને માટે સાક્ષત પરમાત્મન પ્રગટ થાય છે દરેક ધર્મના દરેક કોમના માનંવધુઓને પોતાના ધર્મને ખાતર પ્રાણાર્પણ કરવાનો જુસ્સો પ્રગટી આવે તેવા પ્રચંડ દ્રશ્ય વચ્ચે પરમાત્મન રાણાજીને પોતાના ધામમાં સન્માન પુર્વક લઇ જાય છે. સાયુલય ...કિત

—અંક ૧ લો સમાપ્ત.—

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ—રાજેશ્વરી કૃષ્ણાનો મહાલય.

લાંબા સમયથી સંગ્રામમાં ગયેલા સ્વામીનું કલ્યાણ ચિંત્વન કરી રહેલી કૃષ્ણા કુમારી સામે ચંદ તરફથી વારંવાર પોતાને અપમાન થયાની ફરીયાદ યુક્તિ પુર્વક રાજા રણુમલ રજુ કરે છે પરંતુ ચંદનો દેવતાઇ વિનયને માતૃભક્તિ જોઇ કૃષ્ણા ગદગદ કંઠે કબુલ કરે છે કે પિતા! આવો દીકરો જગતમાં દુર્લભ છે જે દીકરો ઓરમાન માતાના શબ્દ પર સ્વમાનને પણ વિસારી દે તે પિતૃ કુળની ૪૨ પેઢીને પણ અવશ્ય તારી દે.

ચંદ ગયા બાદ રાજમાતા દેવપુજનમાં જતાં રણુમલ હવે બીજો દાવ ખેલવાની તૈયારી કરે છે. સ્વામીના કુશળ સમાચોર રાજમાતા તરફથી મેળવવા માટે આવેલી કીશોરીને રણુદેવના મૃત્યુની ખોટી ખબર આપી રણુમલ રડાવે છે. પણ અકસ્માત આવી લાગેલી કપિલા કિશોરીને આત્મઘાત કરતી અટકાવે છે. પિતાની આવી નિષ્ઠુર મશ્કરી

પર રાજેશ્વરી કરુણા તિરસ્કાર વરસાવે છે. તેટલામાંજ ખાસ હાલતમાં રાણાજીના નિધન સમાચાર લઇને રઘુદેવ આવે છે. કરુણા કરૂણ શબ્દોમાં પોકારી ઉઠે છે કે પિતા કિશોરીની તમે કરેલી મશ્કરીના પડઘા હજી મહાલયમાંજ ગાજી રહ્યા છે. ત્યાંજ મારા સર્વ નાશના પડઘા વાગી રહ્યા છે. આટલું છતાં નફ્ટ હૃદયનો નિષ્ઠુર રણમલ ખણીજ સફાઇથી રઘુદેવનો જાન લેવાની ચાલબાજી ચલાવે છે,

રતાગીના મરણથી ઉશ્કેરાયલી કરુણા રણમલના સ્વાર્થી પણ માર્મિક ઉદગારોને ઉંચકી લે છે, ભાન ભુલેલી ભલી ભામા પોતે પણ રઘુદેવને કહે છે કે રઘુ "તું જીવન પ્રિયજનીને પાછો કેમ આવ્યો અરેરે દીકરા! તને ન જીવતાં આવડયું કે ન મરતાં આવડયું" જીવનપ્રિય એ કઠોર વાક્ય પ્રહાર ના સહન થવાથી—

રઘુદેવ આત્મહત્યાને માટે કૃપાણ ખેંચે છે. પણ અકસ્માત આવી પહોંચેલી કપિલા તેને સત્યે વસ્તુ સમજાવી બચાવી લે છે.

પ્રવેશ ૨ જો—સુરસાગરનો કિનારો.

પ્રણય પંથના મુસાફર કિશોર અને રઘુદેવનો પ્રણય શરૂગાર બાદ ચંદના રાજત્વને કલંકિત કરવાની રાહ જોતા કળીરૂપ રણમલે ગોઠવેલા યંત્રનું રમકડું બનેલો બાળરાજા મુકુલ કિશોર સાથે રાજહંસ પકડવા આવે છે. રણમલની યોજના મુજબ શયતાન સુરજમલ બન્ને જાની મીત્રો વચ્ચે ઝગડો જગાવે છે પરિણામે કિશોરને હાથે મુકુલ ઘાયલ થાય છે. શિકારેથી પાછા ફરતા સરદાર પૂરણમલનું આકુર ઘટના પર ધ્યાન ખેંચાય છે. મરનાર લાખારાજને જે બાલરાજાના જીવનરક્ષણ માટે પોતે વચન દઇ ચુકયો હતો તેને પોતાના પુત્રને હાથે ઘાયલ થયેલો જોઇ " રાજા એજ ઇશ્વર એવો એકજ મંત્ર શીખેલા પ્રતિજ્ઞાયેલા પિતાના રાજભક્ત હૈયામાં જવાળા ઉઠે છે. અને

મેવાડ રાજ્યના ધારા મુજબ રાણાનું લોહી રેડનાર પુત્રનો શિરચ્છેદ કરે છે.

પ્રવેશ ૩ જો—અકકલગઢ તાબાનું એક ગામ.

રૈયતમાં ચાંલ્લાવેરો ઉઘરાવવા નીકળેલા રાજા અક્કલમલની અક્કલમાં ઉધાઈ લાગે છે—મેળવેલી માલ મિલકત લઈને કસ્તુરીના કાવત્રા મુજબ મોતીઓ માળી ભાગે છે—અને કામદાર તથા કેસર વચ્ચે પ્રેમની જવાળા જાગે છે.

પ્રવેશ ૪ થો ન્યાયમંદીર મેવાડ.

બાલ્ય સ્વભાવ એવો ચંચળ હોય છે કે રમત વખતે બાળકો આપસ આપસમાં ગમે તેટલાં લડે છે પરંતુ જુસ્સાનો આવેશ ઉતરી જતાં પરીણામે તેજ બાળકો એક બીજાની મહોબત માટે મરી પડે છે–" એ ન્યાયે કિશોરને હાથે ઘાયલ થયા છતાં ઉદાર દીલનો બાલ રાજવી મુકુલ ઘાયલ હાલતમાં—રાજ્યના ધારા મુજબ શીરચ્છેદની સજાને પાત્ર ઠરેલા કિશોરના બચાવને માટે ન્યાયમૂર્તિ ચંદ સમક્ષ હાજર થાય છે, મોટાભાઈ પાસે મુકુલ પોતાના પ્રિય મિત્ર કિશોરના ગુન્હાની ક્ષમા માગી રહ્યો છે તેટલામાંજ કિશોરનું મસ્તક લઇ પુરણમલ દાખલ થાય છે—જેના બચાવ માટે મુકુલ મોટાભાઇ સમક્ષ રડી રહ્યો છે તે મિત્રનો શિરચ્છેદ થયેલો જોઇ મુકુલના પ્રેમાળ બાલ્ય હૈયાપર પ્રચંડ આઘાત લાગે છે સરદાર પુરણમલ તેને આત્મઘાત કરતો અટકાવી દે છે.

આ કરૂણાક્રાન્ત ઘટનાથી ચાણુકય બુદ્ધિનો ચંદ સમજી જાય છે કે કિશોરના મૃત્યુના પડદા પાછળ અવસ્ય કોઇ ખબરદાર કાવત્રા બાજ છુપાયો છે. મુકુલની નિર્દોષ જુબાનીથી અને રઘુદેવે ખાત્રી

માતાને ઝેર દેવાના પ્રત્યક્ષ પુરાવા સમાન પકડેલા કાવત્રાથી સુરજમલને દેહાંત દંડ અને રણમલને તાબડતોબ દેશનિકાલની સજા ફરમાવવામાં આવે છે પરંતુ અત્યાર સુધી રણમલરૂપી ઢાલની એકજ બાજુ જોઇ રહેલી—રણમલસમા કલીના સ્પર્શથી આકુળ વ્યાકુળ બનેલી રાજમાતા કરુણા ચંડિકાના ઉગ્ર કોપથી આવી ચુકે છે અને આ સજા અટકાવી દે છે. રાજખટપટના કાતિલ ઝેરથી અજ્ઞાન ભોળી રાજમાતાને હવે ચંદપરજ સંદેહ આવે છે અને તેની એક પણ દલીલ સાંભળ્યા સિવાય તે દેશ દીપક દીકરા ચંદને દેશનિકાલની સજા ફરમાવે છે. એક સમ્રાટ તરીકે સિંહાસનનો સ્વામી થવા સરજાયલો છતાં ઇચ્છાપૂર્વક સિંહાસનનો સેવક બનેલો માત્ર ફકત દેશ દીપક ચંદ દેશવટે ચાલ્યો જાય છે.

પ્રવેશ ૫ મો આકડલમલનું રહેઠાણ.

રાજરાણી કસ્તુરીની બાત પ્રમાણે માત અને કામદારે કેસર માટે કરેલી વરની તપાસ.

પ્રવેશ ૬ ઠો માન્ડુ રાજ્યના તાબાનો પહાડી પ્રદેશ.

માન્ડુના રાજ સામે રીસાએલો તીરૂમલ પોતાની જપ્ત થયેલી જાગીર પાછી મેળવવા માટે પ્રમાણીક બહારવટુ ખેડી રહયો છે.

દરમાન માન્ડુની મહારાણી મેવાડને માર્ગે જતી ત્યાં થઇને નીકળે છે મહારાણીનો માર્ગ રોકી તીરૂમલ પોતાની જાગીરનો જવાબ માગે છે. રાણી અને તીરૂમલ વચ્ચે સંગ્રામ જાગે છે—પણ દેશવટે નીકળેલો ચંદ ત્યાં આવી લાગે છે અને તીરૂમલની સાત્વિક વૃત્તિએ ચક્ષુ સમક્ષ જોતાંજ ચંદની સમજાવટથી બન્ને વચ્ચે સમાધાન થાય છે, તીરૂમલને તેની જાગીર પાછી મળી જાય છે

પણ વીરતાનો કદરદાન તીરૂમલ તેની ન્યાયમુર્તિ ચંદના કર્મોની કદરકર્યા વગર રહેતો નથી જેના પગલાને પ્રતાપે પુર્વજોની જાગીર મળી અને અનંતકાળની આશા એકદમ ફળી તે ચંદના ચર્ણમાં તીરૂમલ પોતાની જીંદગીઅને જાગીર બન્ને સમર્પણ કરે છે અને ચંદની પવિત્ર ઇચ્છા મુજબ તીરૂમલ રાજમાતાની સેવા માટે મેવાડ પ્રત્યે પરવરેછે.

પ્રવેશ ૭ મો. મેવાડનો હુયમહાલય.

ચંદના ચાલ્યા ગયા બાદ હતાશ બનેલી રાજયમાતા કૃષ્ણાએ ચારે બાજુની જંજાળથી કંટાળી સર્વ રાજસત્તા પિતા રણમલના હસ્તમાં સોંપી દીધી છે. અને સંસારના ત્રાસથી કંટાળેલી રાજમાતાને આત્મકલ્યાણ હૃદયની શાન્તિને બ્હાને શયતાન રણમલે જાત્રાએ મોકલી દીધી છે. રાજમાતા ચિતોડની બ્હાર જતાં રણમલ નિરંકુશ રાજસત્તા ચલવી રહયો છે. બાલરાજા મુકુલના કોમળ પણ ઉદાર બાલ્ય સ્વભાવનો લાભ લઇ રાજ્યનો તાજ મસ્તકે ધરી મદાંધ રણમલ મેવાડના સિંહાસને ચઢી બેસે છે. બરાબર સમયસર કપિલા પ્રવેશે છે અને મેવાડવાસીઓને ઉસ્કેરે છે

કપિલાના વીરોચિત ઉદ્ગારથી મેવાડી વીરો શમશેર ખેંચી સાવધ થાય છે પુરણમલ પોતાના સૈનિકો સાથે સિંહાસનને ઘેરી વળી રણમલને રાણાનું આસન ખાલી કરવા હુકમ કરે છે પરિણામે ભીષણ સંગ્રામ જાગતાં પરાક્રમી વીર પુરણમલ સ્વર્ગે સંચરેછે કઠોર સંજોગો વચ્ચે કપીલા કેદ પકડાય છે. તેજપળે હત્યારો રણમલ બાલરાજા મુકુલને રેંસી નાખવા પ્રેરાય છે પણ આગના ગોળાની માફક ધસી આવેલા દેવી ત્રિપુટીથી તે નિર્દોષ બાળક બચી જાય છે.

ટેબલો.

અંક બીજો સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—રાજા રણમલનો મહાલય—રાજમાતાને તિર્થસ્થાનમાં રોકી રાખી ઝેરી પોશાક તૈયાર કરી હત્યારો રણમલ સુરજમલને ચંદના ખાસ જાસુસનો સ્વાંગ સજાવી કેલવાડામાં રઘુદેવના પ્રાણની આહુતિ લેવા રવાના કરે છે. કુશાગ્રબુદ્ધિથી આ કાવત્રુ જાણી ગયલી માન્ડુની રાણી (સુંદરમલ) તરતજ રઘુદેવના બચાવને માટે તીરૂમલને મોકલી દે છે અને પોતે ચંદના કટ્ટા શત્રુ તરીકે પોતાને ઓળખાવી રણમલ પાસે સરદારીની નોકરીની માગણી કરે છે. શુરાઓનેય શરમાવે તેવો તેના દબદબા ભર્યો રૂવાબ જોઇ રણમલ રાજમાતાનું મસ્તક કાપી લાવવાની શરતે સુંદરમલને મેવાડના મુખ્ય મંત્રીનું સ્થાન આપવા કબુલે છે. આ ભયંકર શરતથી સુંદરમલનો આત્મા કમીકમી ઉઠે છે.

જ્યારે રણમલને પણ ડરાવે તેવી વીરતાથી રણમલે મોકલેલા ગુપ્ત ઘાતકોના હસ્તકમાંથી રાજમાતાને બચાવી લેવા માટે સુંદરમલ પોતાના બહાદુર યોદ્ધાઓ સાથે વાયુવેગે રવાના થાય છે.

પ્રવેશ ૩ જો—કેલવાડામાં કુમાર રઘુદેવનો મહાલય—કલ્પાંત કરતી કિશોરીને રઘુદેવ આશ્વાસન દે છે ત્યાંજ તેના કાળના પેગામ રૂપે આવેલો કાળમુખો સરદાર સુરજમલ ઝેરી પોષાક લઇ પ્રવેશે છે. શુરો છતાય ભોળો પરાક્રમી છતાંય અંધુ પ્રેમી રઘુ ચંદનું નામ સાંભળતાંજ ગાંડો ઘેલો બની જાય છે. ભાઇ, ભાઈ, મારો ભાઇ! કરતો પોષાક પહેરી લે છે બરાબર એકજ પળના ફરકમાં તીરૂમલ કાળી ચીસ પાડતો આવી પહોંચે છે પણ તે પહેલાં તો કઠોર કાળે પોતાનું કામ પુરૂ કરી લીધું છે. મુકુલ કિશોરી અને તીરૂમલના

કરૂણ કલ્પાંતથી મહેલની દિવાલો પણ ધ્રુજી ઉઠે છે. દરમ્યાન ભૂખ્યા વાઘની માફક રણમલ સૈન્ય સાથે તુટી પડે છે અને તીરૂમલ તથા કિશોરીને સંગ્રામમાં વિદારી મુકુલને લઇ નાગદાના કિલ્લા તરફ રવાના થાય છે. બાદ રણમલના ગુપ્ત ઘાતકોના હસ્તમાંથી રાજ-તાને બચાવી લઇ રઘુદેવના રક્ષણ માટે દોડયો આવતો શ્વાસ ભર્યો સુંદરમલ આ કરૂણ ઘટના જોઇ કમકમી ઉઠે છે—

દરમ્યાન પાછળ રહી ગયેલી રાજમાતા દીવાનાની માફક દોડી આવે છે. સુંદરમલ રાજમાતાને શાન્તિ અને યુક્તિ પુર્વક સર્વ ઘટના સમજાવે છે. ત્યાંજ રાજમાતાનું હૈયું પોકારી ઉઠે છે કે—અરેરે

એ બાપ મારો નથી કે નથી એની હું દીકરી,
જન્મતાં મરજો પ્રભુ એવા પિતાની દીકરી
પિતા થઇ પુત્રીનાં સંતાનને જે સ્વહસ્તે કાપે,
હજાગે જન્મમાં જગદીશ એવો બાપ ના આપે

સીન ટ્રાન્સફર.

પ્રવેશ ૨ જો—નાગદાનો કિલ્લો (રાજા રણમલનું ગુપ્ત વધ સ્થાન)—કેદી હાલતમાં પડેલી કપિલાને ચાણક્ય બુદ્ધિથી સુંદરમલ સમજાવે છે, રણમલને મીઠા શબ્દોથી મનાવી ચંદની કલ્યાણની ચાહનાથી કપિલા ચિતોડના કિલ્લામાં ચાલી જાય છે. બાદ મુકુલનું મસ્તક ઉતારી લેવાનો રણમલ સુરજમલને હુકમ કરે છે નિર્દોષ બાળકના કાલાંકાલા શબ્દોથી મારવા ઉઠેલો સુરજમલ બાળા-રાજાને છાતીએ લગાવે છે—આ દેખાવથી ઉશ્કેરાયલો રણમલ સુરજ-મલને ગોળીબારથી ઉડાવે છે—ત્યાંજ કુષ્ણા દોડી આવે છે. ક્રોધાંધ બનેલો રણમલ એની સાથે ગોળીબહારથી તેને ઉરાડી દેવા હુકમ કરે છે ત્યાંજ દેશદીપક ચંદ ધસી આવે છે અને રણમલ ગુપ્ત માર્ગેથી નાસી છુટે છે—ટેબ્લો—

પ્રવેશ ૪ થો—અકકલમલનો મહેલ—કેસર કુમારીનાં લગ્નમાં ઠગારી કસ્તુરીએ મારેલા વજ્રના ઘાથી રાજા અકકલમલનું ચસકેલું ભેજું ઠેકાણે આવી જાય છે તેણે અવળી ઉપાડેલી પ્રકૃતિની માયા હવે સત્ય સ્વરૂપમાં સમજાય છે બુઢાપામાં જોબનવંતી જુવતી સાથે કરેલાં લગ્નનું ખરૂં રહસ્ય ખ્યાલમાં આવે છે ને સર્વ તેને સમજાવે છે કેઃ—

કસ્તુરી—બોખા બનીને ચોકખા બુઢ્ઢા પડ્યા છો મરવા,
કાળા કલપ લગાવી પરણ્યા તમે શું કરવા?

કામદાર—તાકાત નથી અંગે તો સુંદરીની માગે?
રમવાને રતી રંગે પરણ્યા તમે શું કરવા?

કેસર—ઘરમાં અમે કુંવારાં, શંગાર જોઇ તમારા
બળવા જીગર અમારાં પરણ્યા તમે શું કરવા?

કસ્તુરી—વિધવા બની વિલાપે, મરીએ અમે ઝુરીને
ઘોડે ચડી ગધેડા પરણ્યા તમે શું કરવા?

કંટાળેલો રાજા—કામદાર ને કેસરના હસ્ત મેળાપ કરાવી જગતની જંજાળ છોડી દઇ પ્રકૃતિની માયાનું સત્ય સ્વરૂપ સમજી જઈ સન્યાસ લે છે.

પ્રવેશ ૫ મો—ચિતોડનો કિલ્લો તથા રાજમહાલય—ચારેબાજુથી હતાશ બનેલો રણમલ ચિતોડના કિલ્લામાં ભરાઇ બેસે છે. ચિંતાઓની જ્વાળાઓને શાન્ત કરવા સુરા અને સુંદરીના કૃત્રિમ ઉપાયથી અંગની અને આત્માની શાન્તિ ઇચ્છે છે.

જ્યારે બીજી તરફથી ચાલાક કપિલાએ કિલ્લામાં દાખલ થતાંજ ચંદના વિજયનાં સર્વ સાધનો તૈયાર કર્યાં છે અને સુંદરમલ સાથે

કિલ્લાની ચાવી ચંદને દાખલ થવા માટે મોકલી દઈ રણુમલને મદિરામાં મસ્ત બનાવી બેભાન બનાવે છે દરમ્યાન ચંદ પોતાના સૈનિકો સાથે કિલ્લાનો કબજો લે છે, રણુમલના સૈનિકો તેને સાવધ કરવા આવતાં કપિલાના હાથે ઠાર થાય છે, ગોળીબહારના અવાજથી રણુમલ જાગી જાય છે અને સઘળું કાવતુ સમજી જાય છે. પરિણામે રણુમલને હાથે કપિલાનું મૃત્યુ થતાંજ ચંદ આવી પહોંચે છે. ભીષણ રણયજ્ઞમાં દેશ–દીપક ચંદને હાથે દેશદ્રોહી રણુમલ માર્યો જાય છે. દેશ–દીપક ચંદદેવ મહારાણા મુકુલદેવનો જય ગજાવેછે ત્યાં બાળરાજા મુકુલ મોટાભાઇને મળવા ઉત્સાહ ભર્યો દોડી આવે છે પોતાની જય ગર્જના અટકાવે છે અને કહે છે કે–

ઉપકાર માનો આજ મ્હારા દેશદીપક ચંદનો
મ્હારો નહી પણ જય ગજાવો દેશ દીપક ચંદનો
ઇતિહાસમાં યશ અમર હોજો દેશ દીપક ચંદનો
જગતભરમાં જય ગજાવો દેશ દીપક ચંદનો

મહારાણા મુકુલજી અને દેશ દીપક ચંદદેવની જય ગર્જના પહાડી અવાજ વચ્ચે મુકુલજીના મસ્તકે મેવાડનો તાજ દેશ દીપક ચંદના દિવ્ય હસ્તે મુકાય છે તે સાથેજ આનંદ અને હર્ષના વાતાવરણ વચ્ચે પરમાત્માની દયાથી દેશ દીપકનો પ્રયોગ સમાપ્ત થાયછે.

શાન્તિ ! શાન્તિ ! ! શાન્તિ ! ! !

श्री गणेशायनमः
श्री १।

"देश दीपक" नाटकनां गायनो

—o—

मंगळाचरण.

વંદુ વિશ્વ દેવ દીનદયાળ
પરમ પુનિત પ્રણતપાળ.
રિદ્ધિ સિદ્ધિ સુમતિ આપ
વ્રતપતિ વર કરતું સ્થાપ
ત્રિવિધ તાપથી તારતું તાત
વિમલ હર વિનાયક નાથ
સામ્બ સ્મરણ સુયશકાર
મંગળ કર હર સુરા...વંદુ વિશ્વ૦

બાળાઓ— ૧

દેશ દીપક દેવાંશી ચંદ્રની જનની જયકારી
ભુમિમેવાડ મનોહારી....
રાણા કુળમાં રામ સમા જ્યાં, જનમ્યા અવતારી
જન્મ ભૂમિનાં ઋણ ચૂકવવા દેતા શીશ ઉતારી
પુત્રધર્મનું પાલન કરતા અડગ ટેક ધારી સુયશકારી
વિરોની જનની જયકારી
દેશ દીપક.

નર્તકી વર્ગ— ૨

શરદ પુનમની રાતલડી....સોહામણીરે
મ્હારે વ્હાલે રમાડેલ રાસ. ઝુલાવેલ બાંવડીરે,
રાધાની સંગ રમીરે........ભૂલભુલામની.
અમારાં ચિત્ત હરીરે, ગયા ક્યાં કૃષ્ણ હરીરે
બતાવો શ્યામ મણીરે
વૃન્દા તે વનની કુન્જ ગલીમાં આવતારે
નંદના કેલા લાલ મારે મન ભાવતારે....રાધાની૦
કાન કાલિન્દિને ઘાટ બંસી બજાવતારે,
શ્યામ સુહાગી સુંદર ધેનુ ચરાવતારે...
મને કોઇ કૃષ્ણ બતાવો, બેની મને કૃષ્ણ બતાવો
આપું વધામણી

સાહેલીઓ— ૩

સખી સ્વપ્ન બધાં [૨) નથી કોઇ સાચાં પડતાં
અલીએ શમણાં, મનની ભ્રમણાં, કુમળાં દિલ વ્યર્થ ફુલવતાં
૧લી—સોળ વરસની હું રસ રમણી; સ્વપ્ને નાનો કીકો પરણી
રડી રડી રાતલડી ગાળી રસભર રજની વ્યર્થ બગાડી
જાગીને જોયું તો—સુંદર શ્યામ હતા મન ગમતા....
૨જી—મને સ્વપ્ન બાઇએવાંઆવે, નવી શોક્ય નાવલીયોલાવે
શોકલડી એ ખુબ સતાવે, મને ભુવનની બહાર કઢાવે
જાગીને જોયું તો—નણદલ વીર દીઠા કરગરતા....

સખીયો—આજકાલ સોમાં નવ્વાણું, નર પરસ્ત્રીને ચ્હાય
માટે માનો તો બીજવરને, પરણો સઘળાં બાઇ
ઘરડા ધણી આજ્ઞાંકિત કેવા, પરણીને સમજાય
—જુવાન,

૮

રઘુ—સમજાવશો આ શાણી, શુદ્ધ પ્રેમની નિશાની
કીશોરી—અણજાણુ પ્રેમપંથની, શકુ હું કેમ જાણી—સમ
રઘુ—પુરાં પ્રવિણ જ્ઞાની—વા—સાક્ષર અજાણી
કિશોરી—પ્રેમ તણાં તત્વ શું પાઠરે વેચાય છે
શાળા ન એવી જયાં, પ્રેમને પઢાય છે
શકું હું કેમ જાણી—એથી જ હું અજાણી
રઘુ—અગમ્ય કોઇ ભાષામાં વાતો એ થાય છે
હૃદયતણાં ભાવો જયાં નયનમાં લખાય છે
વીરલ તત્વએનું—પ્રેમી શકે પિછાણી

કેસર કામદાર—

૯

અગર અમારા બનો જો દિલબર—વાવું ઘરઘર નગરમાં કેસર
થશો અથિર નહિં જરા રસિકવર તમારીમુર્તિ જીગરની અંદર
તમને બાંધુ જીગરને કટકે હસાવું તમને નયનને મટકે
મીઠાઇ મેવા પુરી કચોરી
કેશીનું ખાશું પ્રીતે કચુંબર, જોતાં તમને મનડું મ્હેંકે

૩ જી-હું સ્વપ્નમાંબની ઇન્દ્રાણી, ભરે અપ્સરા મારૂં પાણી
દેવલોકમાં દેવી મનાણી, થકી સ્વર્ગિય વૈભવ માણી
જાગીને જાયું તો—મારા રસિયા પહેરો ભરતા....સખી.

કસ્તુરી-રાજા— ૪

હાંહાંરે જેવા રાજા બની હું તેવી રાંણી
વાલા ઠકરાંણા માગો તે સઘળું આપુ આણી
હવે હું ભરવાની સોનાને બેડે પાણી
સાગ શીશમના ઢાલીયા લાવો, ફુલની સેજ બીછાવો
ખસને પંખે પાણી છાંટી, પવન મને નંખાવો
પોઢે પ્રીતે પછીથી પટરાંણી, મોઘી મજાઓ માંણી
માગો લ્યો સઘળું કહો ખુલ્લે ખુલ્લી દીલની વાત
ચાર દીવસનું જોબનીયું પાછળ અંધારી રાત
તારે નખરે થયો હું પાંણી પાંણી...

કપિલા— ૫

મિથ્યા થશે ભવિનાં,
વિધિની, ગતિની, નવ ગમ પડી....કદી પડેના
લખ્યા જે લલાટે લેખો...કોં'દી-ફરેના
ફળી ના-શકે કો પ્રાણી...હરિની ઘટના


સખીયો તથા કિશોરી- ૬

સોળે કળાએ ખીલતી શાણી સાહેલી
રસિકા કોઇ રસિયો ખોળે બનીને રસઘેલી ઘેલી

તરૂવર વિણ વીલી લાગે વ્હાલી આવેલી
જો હોસુ પ્રિયતમ રસિડતો રસિકા- રસિક દેખાય છે
રજની થકી જયમ ચંદ્ર રજની ચંદ્રથી સોહાય છે
ગ્રહસ્થાશ્રમ તો વરસાવે અમૃતની હેલી
જુગતી જોડી વિકસાવે નંદનવન વેલી.

કિશોરી તથા સખીઓ— ૭

જુવાન નરની પ્રીત નકામી પળપળમાં પલટાય
ઉપરનાં આડંબરથી ભોળી બાળાં ભરમાય
સોળ વરસની સુંદરી ઘરમાં. પરણ્યા પરઘર જાય
ર..નાં ભોગી ભૂખ્યા ભમરા, ફુલફુલ ભટકી ખાય
કિશોરી-બધા પુરૂષ એવા નથી હોતા, એ વાતો ન મનાય



ઝપુ મુખડે તારે મીઠાશ છલકે પાશું પીશું પલકે પલકે
મીઠા અધર રસ અધરની ઉપર

નર્તકી— ૧૦

જય જય જન્મભૂમિ, મંગળ કરણી માત–વીરભુમિ વિખ્યાત
કર્મવીર, ધર્મવીરની પુનિત માત
સ્વાતંત્ર્યની સુવર્ણ જયોતિનો પ્રબળ પ્રકાશ
સત્યની સમશેર ધારી ધૈર્યની છે ઢાલ,
નવચેતન જીવન પ્રગટ પુરણુ એક છે અભિલાષ
જય મેવાડ....ગાઓ સદા જયકાર........લલલલ
નેક ટેક પાળશું પ્રીતે વીરનારીઓ કરે છે દેશનો ઉદ્ધાર
જય મેવાડ....ગાઓ સદા જયકાર........લલલલ
નેક ટેક પાળશું પ્રીતે....વિજય કિર્તિમાળ વરશે
દિલ દેશ દાઝ ધરશે....છે સદા સ્વતંત્ર........જય૦

અંક પહેલો સમાપ્ત.



અંક બીજો.

કૃષ્ણા— ૧૧

સમજવાની નથી શકિત, લલાટે શું લખાયું છે ?
અમંગળ તર્કને વિતર્કથી મનડું મુંઝાયુ છે
સમરમાં સંચર્યા સ્વામિ, વિજય વરમાળને વરવા
વિયોગે દિલદારનું દિવાનું; દિલ ડુબાવ્યું છે....

કપલા— ૧૨

માતૃ ભુમિને ચર્ણે જેણે જીવન સમર્પ્યાં
મરતા સુધી ન કરતા વિરલા એ પાછી પાની
એ સાચા સુકાની

સ્વતંત્રતા કુસાતાં પરતંત્રતાને હરીએ
છોડે સુકાની નૈયા નૌકાએ ડુબવાની એ....
મેવાડના સીતારા જનની ઉગારનારા
અણમોલ આવી તક આ તરીને તારવાની એ....

કીશોરી— ૧૩

મને કોઇ તો સમજાવો, એ સ્નેહી સજ્જન
આજ હું છું નવિન કે આ દુનિયાં નવિન
છુપું છુપું બજાવે, કોણ હૈયાનુ બીન.......મને૦

ગાન હૈયે ઉઠેને, વિશ્વ બોલી રહે,
ઘેન નયને ભરાય; જગત ડોલી રહે
કહો બોલાવે, કોણ હૃદય ડોલાવે કોણ ?
મને કોઈ તો બતાવો, એ તંત્રી પ્રવિણ–આજ હું છું નવિન

કિશોરી રઘુદેવ— ૧૪

અમી હલાહલ મદભર્યાં, શ્વેત શ્યામ રતનાર
જીવન મરણ ને વશીકરણ, ત્રણ લોચનના માર
રમણીનાં નયનોનાં લાખો શીકાર
બચે ન નર બીચારા જયાં વાગ્યા એ માર....રમણીનાં
તીર કે સમશેરથી તો અંગ ઘવાતાં
અંગઅંગ નયનના કટાક્ષથી વિંધાતા
ત્રીલોકમાં મળે ન કોઈ જેનાં ઉપચાર....રમણીનાં

નર્તકી— ૧૫

હાંરે ભરને દે ગાગરી
મોરી ટુટ ગઈ રેશમ દોરી—રે
મય બારા બરસકી છોરી મોહે સાસ નનદકી ચોરી
મોસે કાહે કરત બરજોરી—રે
કર છાંડ કલૈયાં મચકે મોરી બાલ કમરીયાં લચકે
હય બારી ઉમરીયાં મોરી—રે

કામહાર તથા કેશર— ૧૬

જાદુ ભર્યાં તારાં નયનો સાંવરીયા
કામણ કર્યાં કઇંક કાતિલ પાતળીયા
જીવની જડાઇ ગઈ હવે તું અમારી થઇ....કાં૦
આવા કામણથી ભર્યાં જેનાં હોએ કંથ
ભાગ્ય ફળે ભામાતણું, સુધરે સઘળા પંથ
આવા છલબલથી ભરી જેની હોએ નાર
કેશવદાસ કહી ગયા એનો બેડો પાર...કા૦

નાચનારીઓ— ૧૭

આવો ગાવો રંગ જમાવો શીરતાજ
એજ માગો રહે અવીચળ મેવાડી આ તાજ
દિવ્ય નરવર;છત્ર સુજકર
હે દયા કર દે અમર વર જુગ જીવે મહારાજ
સોનાના દીન આજ સખીરી. સુખના સુરજ ઉગી રહ્યા
દીન મંગળ આજ ઉજવલ વ્યાપી ભુતલ છાંય શીતલ
શાન્તિનું સામ્રાજ્ય૦

—અંક બીજો સમાપ્ત.—

અંક ત્રીજો.

મુકુલ—　　　　　　૧૮

લાખો અહિં ચાલ્યા ગયા, લાખો બીજા ચાલ્યા જશે
માટી તણી આ જીંદગી, માટી મહીં માટી થશે
મારી બીજાને માનવી, મનમાં ફુલાતો ના અરે
કાળ કોઇનો હું થયો તો, કાળ તારો કોઇ થશે
કહેજો અમારી માતને કર્ત્તવ્ય પંથે હું મર્યો
નહિં તો બિચારી જીંદગીભર, વ્યર્થ આંસું સારશે

કપિલા—　　　　　　૧૯

પી લ્યો પી લ્યો, જીવનનો તે મીઠો જામ...દીલારામ૦
　　　　　　　　　　આપે દીલને આરામ
નયનની મીઠી સદી આધરનાં પાત્ર મધુરાં
　　　　　　　ચાખે તો સ્વર્ગનું શું કામ...દીલારામ૦
સ્વર્ગના વૈભવ અને સુખ જીંદગાનીનાં
કો અજબ સુરાઓથી ભર્યા, આ એક પ્યાલામાં
પ્યાલા ભર્યા છે છલાછલ પાયા કરો પીધા કરો
લજ્જત લુંટી લ્યો, આજની ના કાલની ચિંતા કરો
　　　　　　　　છે આખરનો આ પયગામ....

સમાપ્ત.

કાંઇ પણ મહેનત વગર સહેલાઇથી વાળ કાઢવાનો

બાદશાહી સાબુ વાપરો.

બાદશાહી સાબુ આખી દુનીયાના તમામ ભાગમાં વપરાય છે, કારણ કે આ સાબુ વાપરવાથી ચામડી બળતી નથી અને કાળી પડતી નથી તેવી તેના વાપરનારાઓને સંપુર્ણ ખાત્રી છે આખી દુનીયામાં વાળ કાઢવાના સાબુઓમાં જુઓ અસલ માલ બાદશાહી સાબુ છે. બીજી બધી તેની નકલો છે માટે ખરીદતી વખતે બાદશાહી સાબુ ઉપર નામ બરાબર વાંચીને ખરીદ કરજો. વાપરવા ખાસ ભલામણ કરીએ છીયે, દરેક ઠેકાણે વેચાય છે. નકલી માલથી સાવચેત રહેજો રજીસ્ટરડ નં. ૫૨૯ તપાસીને લેજો

કમ તાકાત સ્ત્રી પુરૂષો માટે

બાદશાહી ટોનીક પીલ્સ.

બાદશાહી ટોનીક પીલ્સ ગયેલી શકતી પાછી લાવે છે. સ્વપ્નામાં યા પેશાબમાં જતી ધાતુ અટકાવે છે. સ્ત્રીઓના અનીમીયત આવને અટકાવી ગર્ભસ્થાન સુધારે છે. વિદ્યાર્થીઓના મગજને પુષ્ટી આપી યાદદાસ્તમાં વધારો કરે છે. [illegible] વાપરવાથી બુઢ્ઢાઓને પણ વીજળીના ઝડપે જુવાનીની મજા દેખાડે છે.

કીંમત ૪૦ ગોળીઓની બાટલીના રૂ. ૨) પોસ્ટેજ ૭ આના.

સી. સી મહાજન એન્ડ કંપની

શેખ મેમનસ્ટ્રીટ મુંબાઇ નં. ૨

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો જ્યાં જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે.

૧ સતિ સંયુક્તા	૨૬ સતિ દમયંતી	૫૧ અસુરી માયા
૨ સંગીત લીલાવતી	૨૭ કેશર કીશોર	૫૧ રૂકમણિ હરણ
૩ પવિત્ર લીલાવતી	૨૮ સુભદ્રા હરણ	૫૩ સરસ્વતી ચંદ્ર
૪ સતી પાર્વતી	૨૯ ઉર્વશી	૫૪ બોલનો કાગળ
૫ અશ્રુમતી	૩૦ રાઠોડ કન્યા	૫૫ સિદ્ધાર્થ બુદ્ધ
૬ રામ વિયોગ	૩૧ પવિત્ર લક્ષ્મી	૫૬ દગાબાજ દુનિ
૭ મ્યુનીસિપલ ઈ.	૩૨ કુસુમલતા	૫૭ દેવી દમંતી
૮ ભોજ કુમાર	૩૩ હંસાકુમારી	૫૮ [illegible]
૯ સરદારબા	૩૪ [illegible]	૫૯ [illegible]
૧૦ ઉમાદેવડી	૩૫ [illegible]	૬૦ મયુર ધ્વજ
૧૧ વીણાવેલી	૩૬ કર્મદેવી	૬૧ [illegible]
૧૨ વિજયા વિજય	૩૭ નરસિંહ મહેતા	૬૨ [illegible]
૧૩ મદન મંજરી	૩૮ સગાળશા	૬૩ [illegible]–વીણા
૧૪ ઉદયભાણ	૩૯ કૃષ્ણ સુદામા	૬૪ [illegible] કરણ
૧૫ મોહીનીચંદ્ર	૪૦ મહાકવી કાળીદાસ	૬૫ કમલલતા
૧૬ ગીતા સુંદરી	૪૧ રાજ રતન	૬૬ સત્યવાદી ૨.
૧૭ સતી મીના	૪૨ [illegible]	૬૭ દેશભક્ત
૧૮ શ્રી ભદ્રાયુ	૪૩ કૌરવ પાંડવ ભા. ૧	૬૮ [illegible]
૧૯ સતી દ્રોપદી	૪૪ [illegible]	૬૯ [illegible]
૨૦ કબીરસાહેબ	૪૫ કૌરવ પાંડવ ભા. ૨	૭૦ રાજ સંસાર
૨૧ શ્રી સંન્યાસી	૪૬ [illegible]	૭૧ દીવ્ય લક્ષ્મી
૨૨ જાલીમ દુનીયા	૪૭ સૌંદર્ય વિજય	૭૨ વીર પૂજન
૨૩ સાત [illegible]	૪૮ દેવી [illegible]	૭૩ સમાજ સેવા
૨૪ અજીતસીંહ	૪૯ મહારાજા અશોક	૭૪ વીર [illegible]
૨૫ કુલિન [illegible]	૫૦ [illegible] સુલોચના	૭૫ દેવી [illegible]

દેશી નાટક સમાજ—હરગોવિંદદાસ જેઠાભાઈ શાહ

શ્રી આનંદ પ્રી. પ્રેસ પટેલ ચીમનલાલ જીવરામે છાપ્યો અમદાવાદ.